93

(૨૩૪)

ક્રમાંક/ઈજર/ તપા/૩૨–ક/ ૨૮–૦૭/ ૪૭૨૧

નોધણી સર નિરીક્ષકની કચેરી,
સ્ટેમ્પ અને નોધણી ભવન,
સે. ૧૩ સી. ખ.રોડ,
ગાંધીનગર તા.૨૩/૩/૦૭,

**વંચાણે લીધુ:–**

૧.જનરલ સ્ટેમ્પ ઓફી અમદાવાદના પત્રક્રમાંક/સ્ટેમ્પ/મલત/૧૫–૮૪–૭૫૫૪ તા. ૨૫/૪/૮૪.

**પરિપત્ર:–**

રાજયની તમામ સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નોધણી માટે રજુ થતા દસ્તાવેજો પૈકી જે દસ્તાવેજોમાં મિલ્કતની બજાર કિંમત ઓછી હોય, તેવા દસ્તાવેજો સબ રજીસ્ટ્રાર શ્રી દવારા મુબઈ સ્ટેમ્પ અધિનિયમ –૧૯૫૮ની કલમ –૩૨(ક)હેઠળ સબંધિત નાયબ કલેકટર શ્રીને રેફરન્સ કરવામાં આવે છે.

આવા રેફરન્સ કરેલ દસ્તાવેજો વંચાણે લીધેલ પત્રથી આપેલ સુચના મુજબ જોડાણ –૫ ના નમુનામાં નિભાવેલ રજીસ્ટરમાં ચઢાવીને તમામ સ.ર.શ્રીઓ સબંધિત નાયબ કલેકટરશ્રીને મોકલતા હોય છે. જે તમામ દસ્તાવેજો મળ્યેથી નાયબ કલેકટર શ્રીઓ દવારા નિયત જોડાણ –૭ના નમુનામા નિભાવેલ ૩૨(ક)ના રજીસ્ટરમાં ચઢાવવાના હોય છે.

પરંતુ અનુભવે જણાયુ છે કે, સબ રજીસ્ટ્રારશ્રીઓ દવારા મોકલવામાં આવતા સ્ટેમ્પ અધિનિયમની કલમ –૩૨–(ક)ના તમામ દસ્તાવેજો નિયત રજીસ્ટરમાં નાયબ કલેકટરશ્રીઓની કચેરીમાં નિયમોનુસાર ચઢાવવામાં આવતા નથી. કેટલીક વાર સબ રજીસ્ટ્રારશ્રીઓ તરફથી દસ્તાવેજો મોડા મોકલવાના કારણે દસ્તાવેજ શોધવામાં તથા ૩૨–(ક)અન્વયેની ખુટતી સ્ટેમ્પ ડયુટી ભરવાની કાર્યવાહીમાં વિલંબ થાય છે.તેમજ દસ્તાવેજો કઈ કક્ષાએ પડતર છે તેની વિગત ઉપલબ્ધ થતી નથી.

જે દયાને લઈ તમામ નોધણી નિરીક્ષકશ્રીઓને સુચના આપવામાં આવે છે કે ,તેઓના નિયંત્રણ હેઠળના સબ રજીસ્ટ્રાર શ્રીઓ દવારા સ્ટેમ્પ અધિનિયમની કલમ–૩૨(ક)ના દસ્તાવેજો નાયબ કલેકટર શ્રીઓને સમય મર્યાદામાં મોકલવામાં આવે તેવી તકેદારી રાખવી તથા ૩૨(ક) હેઠળ મોકલેલ તમામ દસ્તાવેજો સબ રજીસ્ટ્રારશ્રીઓના રજીસ્ટર પ્રમાણે નાયબ કલેકટરશ્રીઓના રજીસ્ટરમાં પણ સિરિયલમાં એન્ટ્રી મળી રહે તેમજ સ.ર.શ્રી દવારા અપાયેલ નિયમ ૩(૨)ની નોટીસ મુજબની રકમ ના.ક. શ્રીના રજીસ્ટરમા ખાતરી કરવા દર માસે નો.ની શ્રી ઓએ તેમના સટાફ મારફત ખરાઈ કરાવીને નાયબ કલેકટરશ્રીની સંમતિ અને પ્રમાણપત્ર સહ સકારણી બાબતનો અહેવાલ અત્રે મોકલવાનો રહેશે. આ બાબતે વિલંબ કે નિષ્કાળજી દાખવવામાં ન આવે તેની તકેદારી રાખવા આથી તમામ નો.ની.શ્રીઓને સુચના આપવામા આવે છે.

પરિપત્ર મળ્યાની પહોંચ અત્રે મોકલી આપશો.

નોધ ઉપર સુપ્રિ. ઓફ સ્ટેમ્પ. અને નોં. સ.નિ.ની સહી છે.

નોધણી ~~સર~~ નિરીક્ષક
અને
સુપ્રિ.ઓફ સ્ટેમ્પ,
ગુ. રા. ગાંધીનગર (ગ)

**નકલ રવાના:–**

૧.નો.ની.શ્રી તમામ તરફ તાબાના સ.ર.શ્રીઓને સૂચના આપી જાણ કરવા તથા અમલ કરવા સારૂ.
૨.નાયબ કલેકટર શ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકન તંત્રની કચેરી,તરફ જાણ તથા અમલ સારૂ.
3. તમામ શાખા અધિકારી શ્રી– સ્ટેમ્પ, ઓફિસ–૯૯૮